Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


પુસ્તક ૮૨ મું
અંક ૬-૭
૨૫ એપ્રિલ

ચૈત્ર–વૈશાખ

વીર સં. ૨૪૯૧
વિ. સં. ૨૦૨૨
ઇ. સ. ૧૯૬૬


(१०३) वित्तेण ताणं न लभे पमत्ते, इमम्मि लोए अदुवा परत्था ।
दीवप्पणट्ठे व अणंतमोहे, नेयाउयं दट्ठुमदट्ठुमेव ॥ ३ ॥

૧૦૩. આ રીતે ધનને ભેગું કરનાર પ્રમાદી મનુષ્ય આ લોકમાં અથવા પર-લોકમાં ધન વડે પોતાનો બચાવ કરી શકતો નથી. જેમ દીવો હોય ત્યારે બધું પ્રકાશમાન થયેલું દેખાય છે, અને દીવો બુઝાતાં પ્રકાશમાન થયેલું પણ કશું જ દેખાતું નથી, તેમ એવા અનંત મોહવાળા પ્રાણીનો વિવેકદીપક બુઝાતાં તે, પ્રકાશિત–દેખાએલા–ન્યાય માર્ગને પણ જાણે અપ્રકાશિત–અણદેખાએલો–સમજીને ચાલે છે. અર્થાત એવો મોહી પ્રાણી, ન્યાયમાર્ગ તરફ આંખ આડા કાન કરીને જ કેમ જાણે વર્તતો હોય.

—મહાવીર વાણી


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G. 50

# अनुक्रमणिका


१ श्री गोडीजीपार्श्वनाथना देरासरनुं वर्णन स्तवन (मुनि भास्करविजय) ४९
२ श्री वर्द्धमान-महावीर : मणको बीजो-लेखांक : १४ (स्व. मौक्तिक) ५०
३ पूर्वधर श्री उमास्वाति महाराजा (मुनिश्री रुचकविजयजी-भरूच) ५३
४ श्री देवर्द्धिगणि क्षमाश्रमणजी महाराज (पं. म. श्री सुशीलविजयजी गणि) ५५
५ सुरतमां जैनो संबंधी माहिती ग्रंथ (प्रो. हीरालाल र. कापडिया एम. ए.) ५७
६ संघवी जगजीवन पोपटलाल(पंडीतजी)नी टूंकी जीवन झरमर ५९
७ स्वाध्याय .... .... .... .... टाईटल पेज ३
८ जप योग (दीपचंद जीवणलाल शाह) टाईटल पेज ४


नवा सभासद

रु. १०१) प्रविणचंद त्रीभोवनदास पारेख लाईफ मेम्बर

आभार—११ पुस्तको शेठ देवचंद लालभाई तरफथी भेट मळेल छे. ह: केशरीचंदभाई हीराचंद-सुरत.


जेनी घणा समयथी राह जोता हता ते पुस्तक तैयार थई गयुं छे—

श्री विजयलक्ष्मीसूरि विरचित

## श्री उपदेशप्रासाद भाषांतर : भाग २ जो

उपरोक्त ग्रंथ गुजराती लीपीमां कलकत्ताना अमुक भाविक सद्‌गृहस्थ तरफथी मळेल सहायथी छपाववानुं शरू करेल छे. पाना ३०४-फोर्म ३८. बहु थोडी नकलो होवाथी तुरतज मंगावी लेशो. बुकनी किंमत रा. पांच. पोस्टेज रा. २).

आ बुकनी अंदर जे कथाओ आपेल छे ते कथाओ बोध आपनार होवाथी बहुज उपयोगी छे. दरेक व्रतनुं स्वरूप बहु सारी रीते आप्युं छे. कर्मादाननुं-चौद नियमनुं-चार प्रकारनुं अनर्थ-दंडनुं स्वरूप बहु स्पष्टताथी आपेलुं छे.

लखो:—श्री जैन धर्म प्रसारक सभा-भावनगर.



रजीस्ट्रेशन ओफ न्युसपेपर्स (सेन्ट्रल) रुल्स १९५६ ना अन्वये

"श्री जैन धर्म प्रकाश" मासिकना संबंधमां नीचेनी विगतो प्रगट करवामां आवे छे.

१. प्रसिद्धिस्थळ : श्री जैन धर्म प्रसारक सभा, कांटावाळो डेलो-भावनगर.
२. प्रसिद्धिक्रम : दर अंग्रेजी महिनानी पचीसमी तारीखे.
३. मुद्रकनुं नाम : साधना मुद्रणालय, ठेकाणुं दाणापीठ पाछळ, भावनगर.
कया देशना-भारतीय.
४. प्रकाशकनुं नाम : दीपचंद जीवणलाल शाह, ठेकाणुं-श्री जैन धर्म प्रसारक सभा.
कया देशना-भारतीय.
५. तंत्रीनुं नाम : उपर प्रमाणे.
६. मासिकना मालिकनुं नाम : श्री जैन धर्म प्रसारक सभा, कांटावाळो डेलो-भावनगर.

हुं दीपचंद जीवणलाल शाह, आथी जाहेर करुं छुं के उपर आपेली विगतो मारी जाण अने मान्यता मुजब बराबर छे.

ता. २५-४-६६ दीपचंद जीवणलाल शाह


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૨ મું અંક ૬-૭ | ચૈત્ર–વૈશાખ | વીર સં. ૨૪૯૨ વિક્રમ સં. ૨૦૨૨


## શ્રી ગોડીજીપાર્શ્વનાથના દેરાસરનું વર્ણન સ્તવન

( હું રે ગોવાલણુ રે ગોકુળગામની, મારે મહી વેચવા જાવું
મહીયારણુ રે ગોકુળ ગામની—એ રાગ. )

પ્રગટ પ્રભાવી રે ગોડીપાસજી, વામામાતાના નંદ પ્રભાવી રે.
અશ્વસેન રાયનો રે કુલ ચંદલો, પ્રભાવતીનો કંત પ્રભાવી રે. ગોડી૦
હું આવ્યો રે પ્રભુ તુજ શરણે, ભવજલ પાર ઉતારો પ્રભાવી રે.

ભાવનગર શહેરમા રે વસીયા, દાળ બજાર મોઝાર પ્રભાવી રે.
પુંજા અમરાની શેરી રે, દેખ્યો તુમ દેદાર પ્રભાવી રે.

પ્રતિષ્ઠા રે ૧૮૭૭ ની સાલમાં, મુળનાયક કહેવાય પ્રભાવી રે.
બીજા પ્રભુજી રે શામળા પાસજી, દેખન દીલ હરખાય પ્રભાવી રે.

બીજું દેરાસર રે શ્રેયાંસનાથજી, જગમગ જ્યોત જણાય પ્રભાવી રે.
દેરાના ચોકમા રે નાની દેરીએ, લબ્ધી તણા ભંડાર પ્રભાવી રે.

ગૌતમસ્વામી રે આપના, દરશનથી દુઃખ જાય પ્રભાવી રે.
દેરાસરમા રે પેસતાં, જમણી બાજુએ દેખાય પ્રભાવી રે.

શાન્તીનાથજી રે શોભતા, ચમત્કારી કહેવાય પ્રભાવી રે.
દેરાસર રે વીર જીણંદનું, ઉપમા કોની અપાય. પ્રભાવી રે.

ભમતીમા રે ચોમુખજી દેખીયે, અતીશે આનંદ થાય પ્રભાવી રે.
પટ સંખેશ્વર પાર્શ્વનો, નીરખી હરખીત થાય પ્રભાવી રે.

પાંચે તીર્થના પટ વળી, શોભતા રે જુદા ધણીના હોય,
દેખન ધર્મ મહીમા વધે, જુગતે વંદો સહુ કોઇ.

સંવત એકવીશ સાલમાં, સ્તવનની રચના થાય પ્રભાવી રે.
બુદ્ધિ વૃદ્ધિ ધર્મ ભક્તિનો, કંચન ભાસ્કર ગુણ ગાય પ્રભાવી રે.

—મુનિ ભાસ્કરવિજય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણકો ૨ જો : : લેખાંક : ૧૫

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

પુત્રો માબાપની ઈચ્છાને માન આપતા અને પરણ્યા એટલે પ્યારા એમ જ ગણી તે સ્ત્રી સાથે પત્ની તરીકેનું વર્તન પ્રેમથી કરતા અને એ રીતે સંસાર નભતો. તે યુગ કુટુંબ ભાવનાનો હતો અને પુત્રની સ્વતંત્રતામાં તે યુગ માનતા જ નહોતા. આપણે તે યુગની વાત કરીએ છીએ કે જે યુગમાં વિવાહ સંબંધ માબાપો જ કરતા અથવા તેને કરવાની પોતાની ફરજ જ સમજતા હતા.

અત્યારે જે પ્રેમલગ્ન થાય છે તેમાં પુત્રની ઇચ્છા જ કામ કરે છે, તેવું આ યુગમાં નહોતું અને પુત્રની ઈચ્છા પણ માબાપ તેમનો લગ્નસંબંધ જોડી આપે તેવી હતી અને તેઓ જ યોગ્ય સંબંધ કરશે એવી પુત્રને ખાતરી હતી અત્યારે જે અમુક સમય (વખત) માટે લગ્ન થાય છે તે વાતનું તે સમયમાં સ્થાન જ નહોતું અને માબાપની પસંદગીને જ તે યુગમાં સ્થાન અપાતું.

વર્ધમાન મહાવીર તો એ બાબતમાં મક્કમ હતા, અને તેવા પ્રકારની પોતાની ભાવના તેમણે મિત્રોને અનેકવાર જણાવી હતી, પણ માબાપ જીવતા હોય ત્યાં સુધી તેમની ઈચ્છાને માન આપવું તે પોતાનો પુત્રધર્મ પણ સમજતા હતા અને તે ઈચ્છાને બરાબર અનુરૂપ વર્તન ચલાવી રહ્યા હતા. એ વડીલ માબાપને દરરોજ નમન કરતા અને તેની હાજરીમાં અત્યંત વિવેકથી વર્તતા હતા. જો કે તેઓ રમત વખતે રમત કરતા હતા, પણ રાજવહીવટ ઘણો સંભાળભરી રીતે કરતા હતા અને તેવે વખતે તેમની ગંભીરતા અને દીર્ઘદૃષ્ટિ પિતાને ખૂબ આકર્ષક લાગતી અને ત્રિશલારાણી પ્રત્યે એ સંબંધી વાત અતિ ગૌરવથી એકાંતમાં કરતા હતા.

ત્રિશલારાણીની ચિંતા પુત્રનો સંબંધ સારી કન્યા સાથે કરી દેવાની હતી અને પુત્રની ઇચ્છા જાણતા હતાં, છતાં આખરે તેઓ સંસારી હતા અને લગ્ન થયા પછી બધાં સારાં વાનાં થઈ આવશે એવો સારો અભિપ્રાય ધરાવતા હતાં અને તે વાત પણ તે યુગની માન્યતા અનુસાર આ સ્વતંત્રતાના યુગમાં માબાપની આ ફરજનો સંપૂર્ણ ખ્યાલ ન આવે પણ મોહથી કરેલ અનેક લગ્નોનાં પરિણામો જોતાં એ વાત પણ વિચારવા જેવી છે એમ તો સહૃદય માણસને લાગ્યા વગર નહિ રહે. બાકી તો યુગે યુગે વિચારમાં પરિવર્તન થયા જ કરે છે અને કેટલીકવાર સારાને નામે ખોટા કે ભળતાજ રિવાજો અમુક જમાનામાં દાખલ થઈ જાય છે. રિવાજ સારા છે કે ખરાબ છે તેની તુલના કરનાર અવલોકનકાર માટે આ નવું ક્ષેત્ર ઉઘડે છે અને તેમાંના કોઈક જ રિવાજોની શુભાશુભતાનો કસ કાઢનાર નીકળે છે.

માતાપિતાનુ મન તો મહાવીર–વર્ધમાનને યોગ્ય કન્યા સાથે વિવાહ–સંબંધ કરી નાખવાનું જ હતું અને તેવા વખતમાં એક યોગ બની ગયો. અહીં આ સંબંધમાં જણાવવું પડે છે કે મહાવીરના લગ્ન થયા જ નથી એમ આપણા દિગંબર ભાઈઓ કહે છે. તેઓ કહે છે કે નેમનાથ અને મલ્લીનાથની માફક મહાવીર કુંવારા રહ્યા, પણ આવશ્યક નિર્યુક્તિ અને કલ્પસૂત્રના એટલે શ્વેતાંબર મત પ્રમાણે તો મહાવીર જરૂર પરણ્યા હતા અને આપણે તે ધોરણે આ વાત અહીં કરી રહ્યા છીએ. પણ આ બાબતમાં અને ગર્ભસંક્રમણની બાબતમાં દિગંબર ભાઈઓ અને શ્વેતાંબર ભાઈઓને મતફેર છે એ અત્ર નોંધવું યોગ્ય છે. એ વાત ગમે તેમ હો, પણ આપણે તો શ્વેતાંબર મતાનુસાર આ હકીકતે કેવું રૂપ લીધું તેની સંભાવના કરીએ. તે રીતે આગળ વધવામાં એક લાભ સંસાર કેમ ચલાવવો તેને અંગે પણ કેટલીક



For Private And Personal Use Only

હકીકત આપણે બતાવવા પ્રયત્ન કરશું અને તે રીતે એકથી વધારે શિક્ષણીય પ્રસંગો આપણને પ્રાપ્ત થશે અને તે દ્વારા આપણા જ્ઞાનમાં કંઇક વધારો થશે એ દૃષ્ટિએ દિગંબર ભાઇઓની હકીકતની સત્યાસત્યતા પર ટીકા કર્યા વગર આપણે આ સંસારના એક નૂતન પ્રસંગ પર વિચારણા કરીએ.

તે વખતે એક એવો પ્રસંગ બન્યો કે અનેક રાજાઓએ પોતાની દીકરી સાથે પાણિ-ગ્રહણની વિજ્ઞપ્તિ માટે કહેણ મોકલ્યાં અને કેટલાકે તો ખાસ દૂતોને મોકલ્યા અને મહારાજા સિદ્ધાર્થ પાસે પોતાની વિજ્ઞપ્તિ રજુ કરી. તેઓએ દિવસો સુધી ક્ષત્રિયકુંડ-નગરમાં રહી પોતાની ચાલુ વિજ્ઞપ્તિ કરી, પણ વર્ધમાનકુમારનું વલણ વેવિશાળ તરફ ન હોવાથી તેમણે જવાબ કાંઇ ન આપ્યો. કેક રાજકુમારી હતી, કેક દિવાનકન્યાઓ હતી અને કેક નગરશેઠ કે સામાન્ય શેઠની દીકરીઓ અત્યંત સ્વરૂપવાન અને બુદ્ધિશાળી હતી પણ પુત્રનું વલણ જોઇ રાજા કાંઇ વેવિશાળ કરી શક્યા નહિ, કારણ કે એવા સંયોગોમાં વિવાહ અથવા વેવિશાળ કરવામાં રહેલું જોખમ રાજા સમજતા હતા. તેઓ પુત્રની ઇચ્છાને અનુરૂપ કાર્ય કરવાનું ઉચિત ધારતા હતા.

આ પિતા સિદ્ધાર્થનું વલણ ખૂબ વિચાર કરવા જેવું છે. દીકરાની ઇચ્છા અને પસંદગીને માન આપવું અને સારા વેવિશાળને વધાવી લેવું અને તેનો સ્વીકાર કરવો તે પોતાનું કર્તવ્ય છે એમ પિતા સિદ્ધાર્થ માનતા હતા. અને આ વલણ ઘણી રીતે ઇચ્છવા યોગ્ય છે અને આ રિવાજ ઘણી રીતે અનુકરણ કરવા યોગ્ય છે તે ખાસ ધ્યાનમાં લેવા યોગ્ય છે.

પિતાની પસંદગી ખાસ યોગ્ય નીવડે છે, કારણ કે એ કન્યાનું કુળ, જ્ઞાતિ અને વય તેમજ તેનો અભ્યાસ જુએ અને તેમાં મોહનું તત્ત્વ બીલકુલ હોય જ નહિ તેની સાથે તે પુત્રની ઇચ્છા જુએ એટલે પુત્ર તરફની પસંદગી મોહ અથવા ખાલી ભપકાથી દોરવાઈ ન જાય અને ખાસ કરીને તેમની પસંદગીમાં મોહનું તત્ત્વ તદ્દન ગેરહાજર રહી શકે છે. તેની પસંદગીમાં આ મોહ ઉપર ઉપરના ખાલી કે ભપકાને સ્થાન ન રહે એ ઇચ્છવા જેવું છે, તેમાં જ્યારે તેઓ પુત્રની ઇચ્છાને માન આપતા હોય, તે ધ્યાનમાં લેતા હોય ત્યારે તો ઇષ્ટ સંબંધ બંધાય છે અને તેવો સંબંધ યાવજ્જીવિત ચાલુ રહે છે. આ પુત્રની પસંદગી અને વડીલ વર્ગ અને ખાસ કરીને પિતાની મરજી જે અંકુશની એક પ્રકાર જ છે. તે બધી રીતે ઇષ્ટ છે અને અત્યારના જે પ્રેમલગ્ન થાય છે જેમાં મોહ અથવા ઉપર ઉપરનું આકર્ષણ કામ કરે છે તે રિવાજ દૂર કરવા યોગ્ય છે. આને પરિણામે જે કેટલાંક લગ્નપ્રસંગોને પરિણામે લગ્નવિચ્છેદ થાય છે તે વાત નહિ બને અને માત્ર પુત્રનો સ્વાર્થ જ અને ઇચ્છામાત્ર પરિણમશે અને તેમાં તાત્કાલિક આકર્ષણ કે મોહનું તત્ત્વ જરાપણ રહેશે નહિ. એટલે અત્યારની પુત્રોની પસંદગીનું તત્ત્વ પણ દૂર થઈ જશે અને પિતાની પસંદગીમાં મોહનું તત્ત્વ નાશ પામશે. એકંદરે વર્તમાન વરની પસંદગી પણ ઇષ્ટ નથી અને એ કામ વડીલવર્ગનું જ છે, અને પુત્રે તેમાં જરાપણ માથું ન મારવું એ વાત પણ લાભકારી નથી, કારણ કે અંતે તો પુત્રે જ સંસાર ચલાવી પોતાનું જીવન તે કન્યા સાથે વીતાવવાનું છે, તેથી આવા આખા જીવન પર અસર કરનારી બાબત તદ્દન માબાપ પર છોડવાની પ્રાચીન પદ્ધતિ પણ ઇષ્ટ નથી, પણ વચગાળેનો માર્ગ કાઢી તદ્દન એકલ: બાહ્ય રૂપરંગ કે નખરામાં લલચાઇ જવાની પદ્ધતિ પણ સ્વીકારવા લાયક નથી અને તદ્દન મા-બાપ ઉપર પણ તે વાત છોડી જાણે તેની સાથે પુત્રને કાંઇ લેવાદેવા નથી એ પદ્ધતિ પણ ચાલે કે નભે તેમ નથી. પણ પુત્રની પસંદગી સાથે વડીલનો અંકુશ એવો રસ્તો કાઢવા જેવો છે. કારણ કે માત્ર પુત્રની પસંદગી પણ કારગત નથી નિવડતી એવો આપણને અનુભવ ઘણી બાજુએથી થાય છે એમ આપણા જોવામાં આવે છે.

પણ આપણે જે યુગની વાત કરીએ છીએ તેમાં તો વડીલવર્ગના વિચારને જે માન મળતું, માત્ર તે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખતે નિષ્ણાત વડીલો પુત્રની ઇચ્છા પણ જોતાં, વિચારતાં અને તપાસી તેને માન આપતાં એવુ તે પુરાણા યુગમાં પણ બનતું હતું તે આપવાદિક હતું. ઘણુ ખરૂં તો એ કાર્ય વડીલવર્ગ જ કરતો પિતા હયાત તો પિતા અને પિતાની ગેરહાજરીમાં આ રીતે વેવિશાળ સંબંધ જોડવો તે પાલક પુત્રના વડીલો પોતાનો ધર્મ સમજતા અને તેને અંગે પુત્રની ઇચ્છા શી છે તે જાણવાની કે તેને વિચારમાં લેવાની પોતાની ફરજ ભાગ્યે જ ગણતાં, તે એટલે સુધી કે વેવિશાળ–વિવાહ સંબંધ કરતી વખતે પુત્રને હાજર રાખવાની જરૂરિયાત પણ તેઓ ભાગ્યે જ વિચારતા અને આવી રીતે લાકડે માંકડુ જોડાઈ જતું.

અત્યારે એ પદ્ધતિ તો સ્વીકાર્ય થાય તેમ છે જ નહિ, પણ પુત્રની ઇચ્છાને આ યુગમાં માન ન આપવુ તે પણ પરવડે તેમ નથી, કારણ આ સ્વાતંત્ર્ય યુગ છે અને તેમાં પુત્રની પસંદગી અને વડીલનો અંકુશ એ વચ્ચે વચગાળાનો માર્ગ કાઢવાનો સમય છે. આ રીતે જો કામ લેવામાં આવે તો તેમાં પુત્રની પસંદગીને અને વડીલવર્ગના અંકુશને સ્થાન મળે છે અને તેમાં કોઇ જાતનો માત્ર મોહને સ્થાન મળે એવો પ્રસંગ પ્રાપ્ત થતો નથી. આ ઘણા મહત્વનો સાંસારિક પ્રશ્ન છે એ દૃષ્ટિએ તેની છણાવટ અને વિચારણા થવી જોઇએ એ દૃષ્ટિએ આ આખી વેશવાળની સંસ્થા અથવા રિવાજ પર લંબાણથી વિચાર કર્યો છે અને તેમાં લાંબા કાળથી થયેલા અનુભવો અને બહારના માણસોએ લીધેલ રસ્તાઓ અને તેના પરિણામનાં અવલોકનનો ઉપયોગ કર્યો છે. આ મધ્યમ માર્ગના સ્વીકારથી લગ્નવિચ્છેદના પ્રસંગો નહિ આવે એમ આ લેખકનું માનવું છે, બાકી તો સંસારવૃદ્ધિના દરેક પ્રસંગ વિચારણા માગે છે અને તેવી વિચારણા તદ્યોગ્ય સ્થાનકે થશે.

વર્ધમાન–મહાવીરના સંબંધમાં તો આ પ્રશ્નનો નિકાલ તદ્દન જુદી જ રીતે થયો તે આપણે હવે જોશું:–

વસંતપુરના રાજા સમરવીરે તો પોતાના પ્રધાન અને બીજા વીરપુરૂષો સાથે પુત્રીના વેવિશાળ અને લગ્ન કરવા માટે પુત્રીને સાથે જ રાજા સિદ્ધાર્થ તરફ મોકલી આપી, અને અગાઉના રાજાઓ વગેરે કરતાં એ તો આગળ વધ્યો. કોઈ રાજાએ અત્યાર સુધી પોતાની દીકરીને ક્ષત્રિયકુંડનગરે મોકલી આપી નહોતી, માત્ર કહેણ લઇને કોઇએ પોતના દિવાનને મોકલ્યો હતો અને કોઇએ એ કાર્ય ગોરને ભળાવ્યું હતું, તો કોઇએ એ માટે ખાસ દૂત જ મોકલ્યો હતો. આ સર્વથી વસંતપુરના સમરવીર રાજાએ આગળ ચલાવ્યું અને એણે તો દીકરીને પણ કહેણ સાથે દિવાન સાથે મોકલી આપી અને ગામ (ક્ષત્રીયકુંડ)ને પાદરે આવી પ્રથમ પ્રતિહારને દૂત તરીકે મોકલી આપી પોતાના આગમન સમાચાર આપ્યા

( ચાલુ )

ઉપાધ્યાય શ્રી. વિનયવિજયજી વિરચિત **શ્રી શાંત સુધારસ** (પ્રથમ ને દ્વિતીય ભાગ)

આ ગ્રંથ અપૂર્વ શાંત તેમજ વૈરાગ્ય રસથી ભરપુર છે. જૈન સાહિત્યમાં રાગ-રાગણી સાથે સંસ્કૃત ભાષામાં બનેલો આ એક જ ગ્રંથ છે. કર્તાએ તેના વિષયની પુષ્ટિ બહુ ઉત્તમ પ્રકારે કરી છે. તેનો અર્થ ને વિવેચન સ્વ. ભાઈ મોતીચંદ ગીરધરલાલે બહુ વિસ્તારથી લખેલ છે. આ ગ્રંથના બે ભાગમાં મળીને કુલ ૧૬ ભાવના આપેલી છે તેમાં પ્રથમ ભાગમાં નવ ભાવનાનો સમાવેશ કરેલ છે. બીજા ભાગમાં બાકીની સાત ભાવના ઉપરાંત કર્તા શ્રી વિનયવિજયજી મહારાજનું ચરિત્ર પૃષ્ઠ ૧૬૦માં આપેલું છે. બંને ભાગ ૫૦૦ ને ૫૪૦ પૃષ્ઠના છે. કિંમત દરેક ભાગના ૩–૫૦ રૂપીયા છે. બંને ભાગ સાથે મંગાવનારે રૂા. ૯–૫૦ રૂપીયા નવ પચાસ પૈસા મોકલવા પોસ્ટેજ સહીત. લખો:–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂર્વધર શ્રી ઉમાસ્વાતિ મહારાજા

લેખક: મુનિશ્રી રૂચકવિજયજી–ભરૂચ

શ્રી જૈન શાસનમાં પૂર્વધર ભગવાન શ્રી ઉમાસ્વાતિ મહારાજા મોખરાનું અને માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી ગયા છે એ વસ્તુ સર્વમાન્ય છે.

ભગવાન શ્રી ઉમાસ્વાતિ મહારાજા નિર્વિવાદ રીતે શ્રી જૈન શ્વેતામ્બર પરંપરામાં ઉત્પન્ન અને સર્વમાન્ય થયેલા હોવા છતાં તેમની પછી વર્ષો પછી સર્વ દિગંબર જૈનો પણ તેમને અને તેમની બહુમૂલ્ય રચનાઓને અપનાવતા આવ્યા છે અને મૂર્તિ તથા મૂર્તિપૂજાનો વિરોધ કરનારા સ્થાનકવાસીઓ પણ પોતાની ઉત્પત્તિ પછી તેમને અને તેમની મહાન કૃતિઓને અપનાવેલ છે. આમ જૈન તરીકે કહેવડાવતા સર્વ સંપ્રદાયોમાં ભગવાન શ્રી ઉમાસ્વાતિ મહારાજા મહત્વનું અને માનભર્યું સ્થાન પામેલા છે.

દિગંબર જૈનોએ ભગવાન શ્રી ઉમાસ્વાતિ મહારાજાની રચનારૂપ શ્રી તત્વાર્થાધિગમ સૂત્રનો સ્વીકાર કરી તેના ઉપર ટીકા ગ્રન્થો લખ્યા છે, પણ તેમાં સ્વકલ્પિત મતની પુષ્ટિ અર્થે ભગવાન શ્રી ઉમાસ્વાતિ મહારાજાના ગુરુપરંપરાએ મળેલા સૂત્રાર્થથી જે જૂદા પડ્યા છે એ જ વસ્તુ ભગવાન શ્રી ઉમાસ્વાતિ મહારાજાને શ્વેતામ્બર પરંપરાના હોવાનું પુરવાર કરે છે.

દિગંબર મતની ઉત્પત્તિ પહેલાં ભગવાન શ્રી ઉમાસ્વાતિ મહારાજા થઈ ગયા હોવા છતાં વિદ્વાનોમાં તેમનો ચોક્કસ સમય અનિશ્ચિત રહ્યો હોવાનું જણાય છે.

દિગંબરોની ઉત્પત્તિ શ્રમણ ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૬૦૯ વર્ષે એટલે કે વિક્રમ સંવતના ૧૩૯ વર્ષે થઈ એવો ઇતિહાસ છે.

**“छव्वास सएहिं नवुत्तरेहिं,**
**सिद्धिं गयस्स वीरस्स ।**
**रहवीरपुरे नयरे, खमणा पाखंडीआ जाया ॥”**

તત્ત્વાર્થ ભાષ્યની પ્રશસ્તિમાં ભગવાન શ્રી ઉમાસ્વાતિ મહારાજા પોતાને ઉચ્ચ નાગરી શાખાના હોવાનું જણાવે છે.

**‘इदमुच्चैर्नागरवाचकेन, सत्त्वानुकम्पया दृब्धम् ।**
**तत्त्वार्थाधिगमाख्यं स्पष्टमुमास्वातिना शास्त्रम् ॥’**

ઉચ્ચ નાગરી શાખા શ્રી કલ્પસૂત્ર સ્થવિરાવલીના અભિપ્રાય પ્રમાણે ગૌતમ ગોત્રવાળા સ્થવિર આર્યદિન્નના શિષ્ય માઢર ગોત્રવાળા સ્થવિર આર્ય શાન્તિશ્રેણિકથી નીકળી.

સ્થવિર આર્યદિન્ન ભગવાન શ્રી મહાવીરના નિર્વાણ પછી પાંચમા શતકમાં થયા હોવાનું સંપૂર્ણ સંભવિત છે.

---

## પ. પૂ. ભદ્રબાહુસ્વામી મહારાજ ( ચાલુ )

પૂ૦ ભદ્રબાહુસ્વામીએ શકડાલ મંત્રી દ્વારા રાજાને કહેવડાવ્યું કે–“ હે રાજન્ ! એ માછલું કુંડાળાની વચમાં નહીં પડે પરન્તુ કુંડાળાની એકાદ કિનારી દબાય તેવી રીતે પડશે અને તેનું વજન ૫૨ પલનું નહીં પણ ૫૧॥ પલનું હશે. કારણ કે હવા તેની અંદર રહેલું પાણી ચૂસી લેશે તેથી અર્ધો પલ જેટલું વજન ઓછું થશે અને હવા તેને કિનારીએ ધકેલશે.

પૂજ્યશ્રી ભદ્રબાહુસ્વામીનું કથન સત્ય ઠર્યું તેથી રાજાને આચાર્યશ્રી ઉપર માન અને ભક્તિ ઉપજ્યાં અને વરાહમિહિરની કીર્તિને ઝાંખપ લાગી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ મુજબ સ્થવિર આર્ય શાન્તિશ્રેણિકથી નીકળેલી ઉચ્ચ નાગરી શાખા, સ્થવિર આર્યદિન્ન પછીની હોઈ ભગવાન શ્રી મહાવીરના નિર્વાણ પછીના ચાર શતકમાં ન હતી એમ કહી શકાય અને પૂર્વધર ભગવાન શ્રી ઉમાસ્વાતિ મહારાજા પણ તે શાખામાં ઉત્પન્ન થયેલા પોતાને સ્વયં જણાવતા હોઇ તેઓ પણ તે દરમ્યાનમાં ન હતા એમ કહી શકાય.

ભગવાન શ્રી મહાવીરના નિર્વાણ પછી ૪૭૦ વર્ષે વિક્રમ સંવતની શરૂઆત થઈ છે એમ ઉલ્લેખ છે. ' सुम्ममुणिवेअजुत्ता, विक्कमकालाओ ज्रिणकालो.' આ વિક્રમ સંવતની શરૂઆતના સમયની આસપાસમાં પૂર્વધર ભગવાન શ્રી ઉમાસ્વાતિ મહારાજા થઈ ગયા હોવા જોઇએ.

પૂર્વધર ભગવાન શ્રી ઉમાસ્વાતિ મહારાજા, વાચક મુખ્ય શ્રી શિવશ્રીના પ્રશિષ્ય અને અગ્યાર અંગના જ્ઞાતા શ્રી ઘોષનંદીના સુવિનીત શિષ્ય હતા તથા તેમના વિદ્યાગુરૂ મહાવાચક ક્ષમણ શ્રી મુંડપાદના શિષ્ય વાચક શ્રી મૂલાચાર્ય હતા.

તેમનો જન્મ ન્યગ્રોધિકામાં થયો હતો અને તેમના સંસારી માતા-પિતાનું નામ ઉમા તથા સ્વાતિ હતું.

દશમું પૂર્વ ભગવાન શ્રી મહાવીરના નિર્વાણથી ૫૪૦ વર્ષ સુધી હતું એવો ઉલ્લેખ છે. "पणचुलसी-इसु वयरे दसपुव्वा × × ×;" તદનુસાર, તેઓશ્રી પણ તે સમય અગાઉ થઈ ગયા હોઈ તેમને પણ દશ પૂર્વનું જ્ઞાન હોવું સમુચિત છે.

ભગવાન શ્રી ઉમાસ્વાતિ મહારાજાના દીક્ષાગુરૂ અગિયારે અંગના જાણકાર હતા, એ વસ્તુ સૂચવે છે કે તે સમયમાં આગમો વિદ્યમાન હતા. આથી દિગંબરો આગમો વિચ્છેદ ગયાનું જે કહે છે તે નિરાધાર છે.

ભગવાન શ્રી ઉમાસ્વાતિ મહારાજાએ પોતાના શ્રમણજીવન દરમ્યાન ૫૦૦ ગ્રન્થો રચ્યા હતા એવો ઇતિહાસ છે.

" पसमरइपमुहपयरण,
पंचसया सक्कया कया जेहिं ।
पुव्वगयवायगाणं, तेसिमुमासाइ नामाणं ॥"

અને તેઓ પૂર્વધર હોઈ પૂર્વગત વસ્તુઓની વાચના-આપતા હતા એ પણ હકીકત છે. તેમની વાણીના પડઘા યોગ્ય આત્માઓના ચિત્તમાં ઘણા સમય સુધી પડ્યા કરતા હતા. આજે પણ પડે જ છે.

તેમણે રચેલા અનેક ગ્રન્થોમાંથી આજે બહુમૂલ્ય શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર, પ્રશમરતિ પ્રકરણ, શ્રાવક પ્રજ્ઞપ્તિ, પૂજા પ્રકરણ, જંબૂદ્વીપમાલ વગેરે ઉપલબ્ધ થાય છે. તે સિવાયના આ કાળમાં અનુપલબ્ધ રહ્યા છે તેમના રચેલા ગ્રન્થોમાંથી કેટલાક ગ્રન્થો ઉપર તેમની પછીના આચાર્યોએ ટીકા ગ્રન્થો પણ લખ્યા છે અને શ્રી તત્ત્વાર્થ સૂત્ર ઉપર તો ખુદ તેમણે ભાષ્યની રચના કરી છે.

દિગંબર આચાર્યોએ શ્રી તત્ત્વાર્થ સૂત્ર ઉપર ટીકા ગ્રન્થો લખ્યા છે.

તેમના દરેક ગ્રન્થોમાં, ગુરૂ પરંપરાએ મળેલું જ્ઞાન હોઇ "सम्यग्गुरुक्रमेणागतं" તે સત્ય હકીકતોને જણાવનાર અને આત્માને તેની ઊજળી દિશામાં પ્રકાશ આપનાર છે.

એક આચાર્ય ભગવાન શ્રી ઉમાસ્વાતિ મહારાજાને, શ્રી આર્ય મહાગિરિ મહારાજાના શિષ્ય શ્રી બલીષહના શિષ્ય તરીકે જણાવે છે અને તેમના શિષ્ય તરીકે શ્રી શ્યામાચાર્યને જણાવે છે.

સૌ કોઈ ભવ્યાત્મા, ભગવાન શ્રી ઉમાસ્વાતિ મહારાજાના રચેલા મહાન ગ્રન્થોના અભ્યાસમાંથી આત્માની ઊજળી દિશાના પ્રકાશને પામો અને પરિણામે અવ્યયપદને વરો, એ જ શુભાભિલાષા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિદ્યમાન આગમને પુસ્તકારૂઢ કરનાર પૂર્વધર મહર્ષિ શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી મહારાજ

[ લેખકઃ—પન્યાસજી મહારાજ શ્રી સુશીલવિજયજીગણી ]

**सुत्तत्थरयणभरिए,**
**खम-दम-मद्दवगुणेहि संपण्णे ।**
**देवड्ढिखमासमणे,**
**कासवगुत्ते पणिवयामि ॥ ॥ १४ ॥**
[ श्री कल्पसूत्र व्या० ८ स्थविरावली ]

સૂત્ર અને અર્થરૂપ રત્નથી ભરેલા, ક્ષમા, દમ અને માર્દવગુણે કરીને સહિત અને કાશ્યપગોત્રવાળા એવા દેવર્દ્ધિગણિ **ક્ષમાશ્રમણને** હું વંદન કરું છું. (૧૪)

[ શાર્દૂલવિક્રીડિત છંદમાં ]

પૂર્વે દેવ ભવે સુવીર વિભુના,
ઉદ્ધારકા ગર્ભને,
ને જન્મી શુભ સોરઠે શુભતલે,
વેલાકુલે પત્તને;
કીધું આગમ પુસ્તકારુઢ સવી,
શ્રી વલ્લભી ભૂમિમાં,
એ 'દેવર્દ્ધિગણિ ક્ષમશ્રમણ'ને,
વંદું ત્રણે કાળમાં. (૧)
[ કર્તા—પં. સુશીલવિજયગણિ ]

સંસારના સાહિત્યિક ઇતિહાસમાં જેમનું નામ સુવર્ણાક્ષરે અંકિત થયેલું છે, જેઓ પૂર્વના ભવમાં હરિણૈગમેષી દેવરૂપે હતા શ્રમણભગવાન મહાવીર પરમાત્માના ગર્ભનું પરાવર્તન કર્યું હતું, જેમણે વિદ્યમાન સકલ સિદ્ધાંત–આગમનો લિખિત પુસ્તકરૂપે ઉદ્ધાર વલ્લભીપુરમાં કર્યો હતો અને એક ક્રોડ પુસ્તકો આગમના લખાવ્યાં હતાં તથા ૫૦૦ આચાર્યને વાચના આપી હતી, એવા તે જૈનશાસનના મહાન જ્યોતિર્ધર પૂર્વધર મહર્ષિ શ્રીદેવર્દ્ધિગણિ **ક્ષમાશ્રમણજી મહારાજના** નામથી ભાગ્યે જ કોઈ અજાણ હશે !

પ્રતિવર્ષ આપણે પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વમાં વંચાતા પરમ પાવન શ્રીકલ્પસૂત્રના આઠમા વ્યાખ્યાનમાં વંચાતી સ્થવિરાવલિમાં અને બારસામાં એ મહાપુરુષના મંગલકારી નામનું પ્રણામ પૂર્વક સ્મરણ કરીએ છીએ. એ મહાપુરૂષનો જન્મ ક્યાં, માતા પિતા અને દીક્ષાગુરુ કોણ ? ગુરુ પરંપરા કોની ? અને આગમને પુસ્તકારુઢ કઈ નગરીમાં કર્યું ? વગેરે હકીકતોનું દિગ્દર્શન માત્ર અત્ર આપવામાં આવ્યું છે.

**જન્મસ્થાન અને માતા-પિતાદિ :—**

ભારતવર્ષમાં પવિત્ર તીર્થધામો તથા નૈસર્ગિક દશ્યોથી શોભતી સૌરાષ્ટ્રની [ સોરઠ દેશની–કાઠિયાવાડની ] રમણીય ભૂમિમાં નાનાં મોટાં અનેક બંદરો છે. તે પૈકી **શ્રી વેરાવલ** [ વેલાકુલપત્તન ] એક સુપ્રસિદ્ધ બંદરી શહેર છે.

વેરાવલની ઊંચી અટારીએથી જોઈએ તો ગિરિરાજ શ્રી ગિરનાર તીર્થનાં દર્શન થાય છે અને બે માઈલને અંતરે જ વિશ્વ પ્રસિદ્ધ પ્રભાસપાટણ તીર્થ સ્થળ આવેલ છે. વળી શ્રીકૃષ્ણ વાસુદેવનો દેહોત્સર્ગ થયો એ ભાલકા નામનું સુપ્રસિદ્ધ સ્થળ પણ આ શહેરની પૂર્વ દિશામાં આવેલ છે.

આમ ચારે બાજુએ ઐતિહાસિક સ્થળોથી ઘેરાયેલા આ નગરની મહત્તા અનેકગણી છે.

આજથી વીર સં ૧૫૭૦ વર્ષ અને વિક્રમ સં. ૫૧૦ વર્ષ પૂર્વે જેઓ દેવલોકમાંથી ચ્યવી આ જ નગરમાં અરિદમન રાજાના કાશ્યપગોત્રીય ક્ષત્રિય **કામર્દ્ધિ** નામના સેવકના તેઓ પુત્ર થયા હતા. તેમની માતાનું નામ **કલાવતી** હતું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જન્મ અને સ્વપ્ન સૂચક નામ સ્થાપન—**

મહાન પુરુષના અવતાર સમયે માતા શુભ સ્વપ્નો જુએ છે. એ શાસ્ત્રવચનાનુસાર માતા કલાવતીએ પણ એ પુણ્યશાળી ગર્ભના પ્રભાવથી એક મહર્દ્ધિક (મોટી ઋદ્ધિવાળા) દેવને જોયો હતો. એના પરિણામે જે પુત્ર થયો તેનું 'દેવર્દ્ધિ' એવું ગુણનિષ્પન્ન નામ રાખવામાં આવ્યું.

આ વિષે '**શ્રીઆત્મપ્રબોધ**' ગ્રંથમાં આ રીતે ઉલ્લેખ છે—

"अथायुः क्षये च ततश्च्युत्वा अस्मिन् जंबूद्वीपे भरतक्षेत्रे सौराष्ट्रदेशे 'वेलाकुलपत्तन' नाम नगरम्। तत्रारिदमनो राजा, तस्य सेवकः कामर्द्धिनामा क्षत्रियः काश्यपगोत्रीयः तस्य भार्या कलावती, तस्याः कुक्षौ पुत्रत्वेनोत्पन्नः, तदा सा स्वप्ने महर्द्धिकं देवमपश्यत्, क्रमेण शुभ लग्ने पुत्रजन्माभूत, देवर्द्धिरिति तस्य नाम कृतम्॥"

**ભાવાર્થ**—'[ પૂર્વભવે– ] દેવાયુષ્યનો ક્ષય થતાં ત્યાંથી ચ્યવીને આ જંબૂદ્વીપમાં આવેલા ભરતક્ષેત્રમાં સૌરાષ્ટ્ર દેશમાં વેલાકુપત્તન' [ વેરાવળ પાટણ ] નામનું નગર, તેમાં **અરિદમન** નામનો રાજા, તેનો કાશ્યપગોત્રીય ક્ષત્રિય **કામર્દ્ધિ** નામનો સેવક, તેને **કલાવતી** નામની ભાર્યા (સ્ત્રી), તેની કુક્ષીમાં પુત્રપણે ઉત્પન્ન થયો. ત્યારે કલાવતીએ સ્વપ્નમાં મહર્દ્ધિક (મોટી ઋદ્ધિવાળા) દેવને દેખ્યો. ક્રમે કરી શુભ લગ્ને પુત્રનો જન્મ થયો. તેનું સ્વપ્નસૂચક દેવર્દ્ધિ એવું ગુણનિષ્પન્ન નામ રાખ્યું.'

[ શ્રી જૈનસત્ય પ્રકાશ, વર્ષ ૧૬ અંક ૨માં આવેલ 'શ્રીવેરાવલ બંદરની પ્રાચીનતા'વાળા લેખમાંથી. ]

આજે પણ આ શહેરમાં એ મહાપુરુષની જન્મભૂમિના ચિરસ્થાયી સ્મારકરુપે, શાસનસમ્રાટ સૂરિચક્રચક્રવર્તિ સ્વ૦ પરમ પૂજ્ય પ્રગુરુગુરુદેવ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ૦શ્રીના પટ્ટાલંકાર વ્યાકરણવાચસ્પતિ કવિરત્ન શાસ્ત્રવિશારદ પૂજ્યપાદ સ્વ૦ પ્રગુરુદેવ શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મ૦શ્રીના સદુપદેશથી શ્રીસંઘે માયલાકોટમાં આવેલ દેવાધિદેવ શ્રી સુમતિનાથ જૈન મંદિરના ચોકમાં તૈયાર કરાવેલ નૂતન ગુરુકુલિકામાં એ જ આચાર્ય ભગવંતના વરદ હસ્તે વિ. સં. ૨૦૦૭માં પ્રતિષ્ઠિત કરેલી પૂ૦ આ૦ શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ મહારાજની નૂતન અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરેલી મનોહર મૂર્તિ સહુનું આકર્ષણ કરી રહી છે.

**બાલ્યાવસ્થા અને ઉચ્ચ સંસ્કાર—**

'પુત્રનાં લક્ષણ પારણામાં' એ કહેવત અનુસાર દેવર્દ્ધિમાં અનેક ગુણો કેળવાતાં તેઓ યુવાવસ્થાએ પહોંચ્યા. માતા-પિતાના ધાર્મિક સંસ્કારોનો વારસો એમને મળ્યો અને જ્ઞાન-વિજ્ઞાનમાં આગળ વધતાં તેમનો આત્મા વૈરાગ્ય રંગથી રંગાયો.

**ભાગવતી પ્રવ્રજ્યા અને ગુરુપરંપરા—**

તેમણે પરમપાવની પારમેશ્વરી પ્રવ્રજ્યાના પુનિત પંથે પ્રયાણ કર્યું. તેઓ પ્રભુ મહાવીર પરમાત્માના શાસનના સાચા અણગાર બન્યા અને આર્યશ્રી દુષ્યગણિવરના શિષ્ય થયા.

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ તરીકે પ્રસિદ્ધિ—**

સંયમની સુંદર આરાધના, પૂજ્ય ગુરુભગવંતની અમીદ્રષ્ટિ અને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ એ ત્રિપુટીનું જ્યાં સંમેલન હોય ત્યાં પછી શું બાકી રહે?

દીક્ષા સ્વીકાર્યા બાદ દેવર્દ્ધિ મુનિવર દીક્ષાપર્યાયમાં અને જ્ઞાનાદિકમાં આગળ વધતાં અલ્પ સમયમાં જ એક પૂર્વના જ્ઞાતા બન્યા અને પૂર્વધર તરીકે પ્રસિદ્ધિ પામ્યા. લોકો એમને '**શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ**' તરીકે ઓળખાવા લાગ્યા.

( ચાલુ )

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુરતમાં જૈનો સંબંધી માહિતી ગ્રંથ

## ( આવશ્યક્તા, રૂપરેખા, સાધન સામગ્રી, વિભાગીકરણ અને પ્રકાશન )

લે૦ પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

**આવશ્યકતા**–થોડાક દિવસ ઉપર અહીંના–સુરતના એક સામયિકના તંત્રીશ્રી મને મળવા આવ્યા હતા. તેમણે મને કહ્યું કે નાતાલમાં "ગુજરાતી સાહિત્ય પરિષદ્" અહીં મળનાર છે તો તમે "સુરતના જૈન સાહિત્યકારો" નામનો લેખ ટૂંક સમયમાં લખી આપશો. મેં કહ્યું કે હું દિલગીર છું કે અત્યારે મારાથી એ બને તેમ નથી. તેઓ ગયા પછી મને વિચાર આવ્યો કે આજે તો સાહિત્યકારો વિષે માહિતી મંગાઈ છે પરંતુ હવે પછી સુરતના જૈનો વિષે અન્ય કોઈ બાબતસર કોઈને માહિતી જોઈતી હશે તો તેનું શું ? આથી મને આ લેખના શીર્ષકમાં નિર્દેશાયેલા માહિતી ગ્રન્થની આવશ્યકતા જણાય છે. આગળ વધીને કહું તો કેવળ સુરતના જૈનોને અંગે માહિતી ગ્રન્થ હોવો જોઈએ એમ નહિ, પરંતુ જ્યાં જ્યાં જૈનોની નોંધપાત્ર વસ્તી હોય ત્યાં ત્યાંના જૈનો વિષે માહિતી ગ્રન્થ હોવો જોઈએ. જો આવું કાર્ય જૈનોના ભરચક વસ્તીવાળું દરેક શહેર ઉપાડી લે-હાથ ધરે તો આપણા આ સમગ્ર દેશને લગતો જૈનો પૂરતો તો માહિતીગ્રન્થ તૈયાર કરવાનું કાર્ય સુગમ અને વિશ્વસનીય બને. એ કાર્ય સાંગોપાંગ થતાં આપણા દેશમાં જૈનોનું શું સ્થાન છે તેની જૈનોને તેમ જ અન્ય જનોને પણ સાચી અને પૂરેપૂરી જાણ થાય.

અહીં એ ઉમેરીશ કે આપણા દેશની મુખ્ય કોમો તરીકે વૈદિક હિન્દુઓ, જૈનો, મુસ્લિમો, પારસીઓ અને ખ્રિસ્તીઓ ગણાવાય છે. આ પ્રત્યેક કોમનું સ્થાન આપણા આ દેશમાં કેવું છે તે પૂરેપૂરું જાણવું હોય તો કોમદીઠ એકેક માહિતીગ્રન્થ હોવો જોઈએ, એની શરૂઆત શહેરદીઠ કરાય અને આગળ ઉપર એને આધારે સારા દેશ પૂરતું કાર્ય કરાય.

**રૂપરેખા**–સુરતને કેન્દ્રમાં રાખી હું ઉપર્યુક્ત માહિતી ગ્રન્થમાં જે વિષયોને સ્થાન આપવું ઘટે તેનો નિર્દેશ કરું છું:-

૧. સુરતનો સંક્ષિપ્ત પરિચય.

૨. સુરત સંબંધી જૈન સાહિત્ય.

૩. સુરતમાંની જૈન જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ, ઇતિહાસ, રીતરિવાજો ઈત્યાદિ.

૪. સુરતના જૈનોનાં ખાનપાન અને પહેરવેશ.

૫. સુરતનાં જિનમન્દિરો અને ગૃહચૈત્યો : પ્રાચીન અને અર્વાચીન.

૬. ઉપાશ્રયો, ધર્મશાળાઓ અને જ્ઞાનભંડારો ( પુસ્તકાલયો. ).

૭ કેળવણીની સંસ્થાઓ, પાઠશાળાઓ અને છાત્રાલયો.

૮. ધાર્મિક પુસ્તકપ્રકાશન સંસ્થાઓ.

૯. સુરતનાં સાધુઓ અને સાધ્વીઓ.

૧૦. સુરતમાં શ્રમણોનાં પદવીપ્રદાનો.

૧૧. ધાર્મિક અનુષ્ઠાનો, પર્વો અને ઉત્સવો.

૧૨. ધાર્મિક જમણવારો અને વરઘોડાઓ.

૧૩. સંઘયાત્રાઓ અને સંઘવીઓ.

૧૪. પુરુષોનાં અને મહિલાઓનાં નાનાંમોટાં મંડળો.

૧૫. ઔષધાલયો અને મુદ્રણાલયો.

૧૬. જૂની અને જાણીતી પેઢીઓ.

૧૭. વિશિષ્ટ મહાનુભાવોનાં જીવનચરિત્રો : સાહિત્યકારો, સાક્ષરો, લેખકો, કેળવણીકારો, કળાકારો, ઇજનેરો, ધારાશાસ્ત્રીઓ, વૈદ્યો અને ડૉક્ટરો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, દાતાઓ અને એમની સખાવતો, નામાંકિત કુટુંબો અને પુસ્તકવિક્રેતાઓ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૮. સુરતમાં જૈન કોમનું સ્થાન.

અંતમાં પરિશિષ્ટ તરીકે સુરતની બે ચૈત્યપરિપાટી, ગઝલ ઇત્યાદિ ગુજરાતી કૃતિઓ.

**સાધન સામગ્રી**—પ્રસ્તુત પુસ્તક તૈયાર કરવા માટેની કેટલીક સામગ્રી "સુરતની જૈન ડીરેકટરી" નામના પુસ્તકમાંથી મળી શકે તેમ છે. એના લેખક પોપટલાલ પુંજાભાઈ પરીખ છે. આ પુસ્તક જીવણચંદ સાકરચંદ ઝવેરીએ ઈ. સ. ૧૯૨૮માં છપાવ્યું છે.

સુરતની તો શું પણ સમગ્ર સુરત જિલ્લાની સ્નાતિકાઓ સંબંધી માહિતી, થોડા વખત ઉપર અહીં સ્થપાયેલું મંડળ નામે "The Univercity Women's Assosiation of Surat District" આ દિશામાં કાર્ય કરે છે તેની દ્વારા મેળવી શકાય.

સુરત જિલ્લાના વાણિજ્ય સ્નાતકો(સ્નાતિકાઓ)ને લગતી માહિતી "સાઉથ ગુજરાત કોમર્સ ગ્રેજ્યુએટ એસોસિએશન" તરફથી હાલમાં એકત્રિત કરાય છે તે કામમાં લઈ શકાય.

અહીંની એમ. ટી. બી કોલેજનો રજતમહોત્સવ ઉજવવાનું નક્કી થતાં આ કોલેજમાંથી સ્નાતક થયેલાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓનાં નામ વગેરે મુંબઇ વિદ્યાપીઠના કેલેન્ડરોમાંથી તારવવાનું કાર્ય મને અને પ્રાધ્યાપક (હાલ આચાર્ય) જીવણલાલ પરીખને સ્વ. આચાર્ય નગીનદાસ એમ. શાહે સોંપ્યું હતું. થોડુંક કાર્ય થતાં રજતમહોત્સવનો વિચાર માંડી વળાયો પરંતુ સ્નાતકો વિષે કેટલીક માહિતી પૂરી પાડવાનું આ એક સાધન છે એટલું તો સૂચવી શકાય.

"સુરત સોનાની મુરત"માં ત્રીસેક જૈન વ્યક્તિઓની–લેખકો, દાતાઓ, પત્રકાર વગેરેની જીવનરેખા આલેખાઈ છે. તો આ પુસ્તકનો યથાયોગ્ય ઉપયોગ કરી શકાય. ગ્રંથ અને ગ્રંથકારમાં સુરતના લેખકોની નોંધ છે.

ઉપર્યુક્ત રૂપરેખામાંની પાંચમી વિગત સંબંધી કેટલીક માહિતી મારા નિમ્નલિખિત લેખોમાંથી મળી શકે તેમ છેઃ—

(૧) સુરતના વિ. સં. ૧૬૭૩નો હીરવિહાર.

મારો આ લેખ અહીંના "ગુજરાત મિત્ર તથા ગુજરાત દર્પણ"ના તા. ૫–૧૨–'૬૫ના અંકમાં છપાયો છે

(૨) અઢીસો વર્ષ ઉપરનું સુરત શહેરઃ જિનાલયો અને ગૃહચૈત્યો. મારો આ લેખ "જૈન ધર્મ પ્રકાશ" (પુ. ૮૨, અં. ૩)માં પ્રસિદ્ધ થયો છે.

(૩) સત્તરમી વિગત માટે કામ લાગે એવું કેટલુંક લખાણ મારા નીચે મુજબના એક લેખમાંથી તેમજ "સુરતનાં જૈન લેખકો અને લેખિકાઓ [ દિગ્દર્શન અને કૃતિકર્તા ]" નામની પુસ્તિકામાંથી મળી શકે તેમ છેઃ —

"સુરતનાં જૈન લેખકો અને લેખિકાઓની ગુજરાતી કૃતિઓ"

આ મારો લેખ 'ગુ. મિત્ર તથા ગુ. દર્પણ'ના તા. ૨૯–૧૨–'૬૫ના અંકમાં છપાયો છે.

ઉપર્યુક્ત પુસ્તિકા અહીંની "શ્રી દેશાઇપોળ જૈન પેઢી" તરફથી હાલમાં છપાવાઈ છે.

**વિભાગીકરણ**—માહિતીગ્રન્થ સમુચિત સ્વરૂપમાં સત્વર તૈયાર કરાવવો હોય તો એની રૂપરેખામાં દર્શાવેલા વિષયો અંગેની માહિતી અને તેટલી ભિન્ન ભિન્ન વ્યક્તિઓ દ્વારા તૈયાર કરાવવી જોઇએ. જે જે વ્યક્તિઓએ લખાણ કર્યું હોય તે તે વ્યક્તિનાં નામથી તે છપાવવું. સમગ્ર માહિતી ગ્રન્થના સંપાદકે એ લખાણને યોગ્ય સ્થાન આપવું અને સાથે સાથે જે વિગતો નાહક ખેંચાતી હોય તે કાઢી નાંખવી. મંદિરો વગેરેનાં ચિત્રો તેમજ લેખકો વગેરેને લગતા બ્લોક ઇત્યાદિ વેળાસર તૈયાર કરાવવાં જોઇએ.

**પ્રકાશન**—અહીંની 'શ્રી દેશાઇપોળ જૈન પેઢી' બે વર્ષ પછી રજતમહોત્સવ ઉજવનાર છે એમ જાણવા મળે છે. તો એ નિમિત્તે આ પેઢી અહીંના જૈનોના સહકાર પૂર્વક પ્રસ્તુત માહિતી ગ્રન્થના સચિત્ર પ્રકાશનનું કાર્ય હાથ ધરે એમ હું ઇચ્છું છું. એથી આ પેઢીના માનવંતા કાર્યકરોને આજથી જ આ દિશામાં સક્રિય પગલાં ભરવા માટે સાદર અને સાથે સાથે સાગ્રહ વિજ્ઞપ્તિ કરું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સંઘવી જગજીવન પોપટલાલ
## ( પંડીતજી )ની
# ટૂંકી જીવન ઝરમર

પંડીતજીનો જન્મ ઇ સ. ૧૮૯૬માં પાલીતાણા પાસે આવેલ "જેસર" ગામમાં થયો હતો. પૂર્વ-જન્મના સંસ્કારને લીધે સંસ્કૃત અને અર્ધમાગધી ભાષાઓનો અભ્યાસ કરવા પૂજ્ય વિજયધર્મસૂરીશ્વરજીએ સ્થાપેલ બનારસ સંસ્કૃત પાઠશાળામાં નવ વર્ષ સુધી રહી તેઓએ અભ્યાસ કર્યો હતો. વળી તેઓએ વ્યાકરણતીર્થની પદવી મેળવી હતી. તેઓ શ્રી વિજયજીધર્મસૂરીશ્વરજીની સાથે વિહારમાં બીહાર અને બેંગાલ પ્રાંતોમાં બે વર્ષ ફર્યા હતા.

શરૂઆતમાં તેઓ મુંબઇમાં એક ગૃહસ્થને ત્યાં ધાર્મિક શિક્ષક તરીકે રહ્યા હતા એકાદ વર્ષ પછી તેઓ ભાવનગર આવ્યા અને શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી ચાલતી સંસ્કૃત પાઠશાળાના વર્ગોમાં સંસ્કૃત શિક્ષક તરીકેની નોકરી તેઓએ સ્વીકારી બે વર્ષ પછી તેઓ ગ્વાલીયર પાસે આવેલ શીવપુરની પાઠશાળામાં સંસ્કૃત શિક્ષક તરીકે ગયા હતા પણ એકાદ વર્ષ પછી ફરીવાર તેઓ ભાવનગર આવ્યા અને જીવન પર્યંત તેમણે સંસ્કૃત શિક્ષક તરીકે નોકરી કરી.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા અને શ્રી ગંભીરવિજયજી પાઠશાળાના આશ્રય નીચે ચાલતા સંસ્કૃત વર્ગોમાં નવ, દશ અને અગ્યારમા ધોરણના વિદ્યાર્થીઓને તેમના વર્ગોમાં ચાલતા સંસ્કૃત પાઠ્ય પુસ્તકો તેઓ શીખવતા હતા. અઠવાડીયાનો એક દિવસ અર્ધ માગધી ભાષા અને અઠવાડીયાનો એક દિવસ ધાર્મિક ગ્રંથો જેવાં કે જ્ઞાનસાર ગૌતમકુલક જૈન અને જૈનેતર વિદ્યાર્થીઓને શીખવતા હતા. તેમની શિક્ષણ પદ્ધતિને લીધે દરેક વર્ગમાં જૈન અને જૈનેતર આશરે ચાલીશ વિદ્યાર્થીઓ શીખતા હતા. તે વિદ્યાર્થીઓમાંના લગભગ બધા S. S. C.માં સારા માર્કસ મેળવી પાસ થતા હતા.

વિદ્યાર્થીઓ પુસ્તકના કીડા ન બને અને તેમને ઉત્તમ સાહિત્યના વાંચન પ્રત્યે રૂચી થાય તે માટે તેમણે એક પુસ્તકાલયની યોજના કરી કે જેમાં અત્યારે લગભગ એક હજાર પુસ્તકો છે. ઘણા વિદ્યાર્થીઓ આ લાયબ્રેરીમાંથી પુસ્તકો ઇસ્યુ કરી વાંચતા હતા, આ રીતે તેમણે વિદ્યાર્થીઓમાં શિષ્ટ વાંચનનો ફેલાવો કર્યો હતો. વળી કોઈ કોઈ વખત વિદ્યાર્થીઓને શરીરની તંદુરસ્તી સુધારવા માટે કસરત કરવા અને ફુલબોલ ક્રિકેટ જેવી રમતો રમવા ઉપદેશ આપતા હતા.

વિદ્યાર્થીઓમાં વક્તૃત્વશક્તિ ખીલે તે માટે તેમણે શ્રી વિજય ધર્મ પ્રકાશક સભા સ્થાપી હતી. આ સભામાં તેમના પ્રમુખસ્થાન નીચે વિદ્યાર્થીઓ ધાર્મિક રાજકીય ચર્ચાઓ ચર્ચતા હતા.

વિદ્યાર્થીઓમાં ગુરૂ પ્રત્યે વિનય અને માન ઉત્પન્ન થાય તે માટે તેમજ તેમના તરફ ભક્તિ કરવાના હેતુથી વિદ્યાર્થીઓ ગુરૂપૂર્ણિમાનો દિવસ ઉજવતા હતા. તે દિવસે બહારના વિદ્વાનોને ભાષણ કરવા માટે આમંત્રણ આપવામાં આવતું હતું. આ દિવસે વિદ્યાર્થીઓ સંગીત અને ભાષણો વગેરેના કાર્યોમાં રસપૂર્વક ભાગ લેતા હતા. છેવટે "light refreshments" લઈ વિદ્યાર્થીઓ છૂટા પડતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્યાર્થીઓ પંડિતજીનો જન્મ દિવસ પણ બહુ જ ભભકાપૂર્વક ઉજવતા હતા. તે દિવસે પણ સંગીત, ભાષણો વગેરે રાખવામાં આવતા હતા અને વિદ્યાર્થીઓ તે દિવસ તેમના પોતાના વડીલનો જન્મ દિવસ હોય એમ આનંદથી ભાગ લેતા હતા. છેવટે "light refreshments" લઈ છૂટા પડતા.

પંડિતજી અત્રે એક બહેનને ત્યાં તેમના ઘરની મેડીએ ભાડે રહેતા હતા અને તે બહેનને ત્યાં જમતા હતા. લગભગ ચાલીસ વર્ષ સુધી તેઓ ત્યાં જ રહ્યા અને તે બહેનને ત્યાં જ જમ્યા. તેઓ બન્ને સગા ભાઈ બહેન હોય તેમ રહેતા હતા. તે બહેને પોતાના સગા ભાઈની માંદગી હોય તેમ પંડિતજીના અંતકાળ સુધી સેવા ચાકરી કરી હતી. આ બિના પૂર્વભવના ઋણાનુબંધનું તાદશ્ય દૃષ્ટાંત જેવી છે.

કરચલીયા પરામાં પંડીતજી રાત્રે નિયમસર એકાદ કલાક દેરાસરના ચોકમાં બેસતા હતા. પોતે પ્રજ્ઞાચક્ષુ હોવાથી એક ભાઈ પાસે અમુક ધામિક પુસ્તક વંચાવતા હતા અને તેઓ પોતે તે વખતે પુસ્તકનો સાર વગેરે સમજાવતા હતા. આ રીતે ત્યાંના માણસો સંસ્કારી થાય તેવી ઇચ્છા અને ભાવના રાખતા હતા.

પંડીતજીએ કોઈ મૌલિક ગ્રંથ લખેલ નથી પણ અમુક ધાર્મિક સંસ્કૃત ગ્રંથોના સ્વર્ગસ્થ બાલુભાઈની મદદથી ગુજરાતીમાં સુંદર અનુવાદો કરેલ છે આ પ્રમાણે તેઓએ ધાર્મિકસાહિત્યના પ્રચારમાં સુંદર ફાળો આપેલ છે.


પંડીતજીના મિત્રો, પ્રશંસકો અને વિદ્યાર્થીઓએ તેમને એક થેલી (Purse) આપવા માટે એક વર્ષ પહેલાં રૂા. ૪૧૦૦) એકઠા કર્યા હતા. અને આ થેલી તેઓએ એવી શરતે સ્વીકાર કરી કે આ થેલીનો ઉપયોગ સંસ્કૃતનો અથવા શિષ્ટ સાહિત્યનો પ્રચાર કરવામાં થાય. હવે તેમના મિત્રો વગેરે બીજા રૂા. ભેગા કરવાનો વિચાર રાખે છે કે જેથી તે રકમમાંથી પંડીતજીનું સુંદર સ્મારક થાય અને તેમના પ્રત્યેનું ઋણ અદા થાય.

પંડીતજી શરૂઆતના વર્ષોમાં પ્રજ્ઞાચક્ષુ ન હતા; પણ અમુક વર્ષો પછી દંડા ઝામરને લીધે તેમણે બન્ને આંખો ખોઈ અને પ્રજ્ઞાચક્ષુ થયા. થોડા વર્ષ પછી તેઓ એક વખત વર્ગમાં ચાલતી વખતે પડી ગયા અને તેમના જાંઘનું હાડકં ભાંગી ગયું. એક હાડવૈદે તે હાડકુ ચડાવ્યું પણ પંદર દિવસ પછી માલુમ પડ્યું કે હાડકું બરાબર રીતે ચડેલ નથી. ફરી વાર બીજા હાડવૈદ પાસે હાડકું મુશ્કેલીથી ચડાવવામાં આવ્યું પણ હાડકું એક ઈંચ નાનુ થવાથી પંડીતજીને તે પછીથી ચાલવામાં મુશ્કેલી પડતી હતી. કહેવત છે કે "छिद्रेषु अनर्था बहुली भवन्ति".

પંડીતજીના અવસાનને લીધે તેમને શોકાંજલિ આપવા માટે ભાવનગરની ચૌદ જૈન સંસ્થાઓ તરફથી એક શોક સભા બોલાવવામાં આવી હતી અને સ્વર્ગસ્થને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. તે સભામાં તેમના મિત્રો, પ્રશંસકો અને વિદ્યાર્થીઓ સારી સંખ્યામાં હાજર રહ્યા હતા.

તેમના અવસાનથી જૈન સમાજને તથા ભાવનગરના સંસ્કૃત અને અર્ધમાગધી ભણતા વિદ્યાર્થીઓને અને કોલેજીઓને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે; કારણ કે પંડીતજી જ્ઞાનની પરબ જેવા હતા.

તેમના આત્માને શાસનદેવ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાધ્યાય

ભાષા આત્માના અંતર્ગત વિચારો, ભાવનાઓ ને સંકલ્પો પ્રગટ કરવાનું પ્રબળ સાધન છે. કોઇ સાહિત્યકારના ગ્રંથોનો ઊંડો અભ્યાસ કરવામાં આવે છે ત્યારે એનાથી આત્માની શક્તિઓ કેળવાય છે ગ્રંથોના અભ્યાસથી આપણે આપણા જીવનમાંથી એક સુંદર પ્રતિમા નિર્માણ કરીએ છીએ. જે વાચક પંડિત બેચરદાસનું લખેલ મહાવીર વાણી, ધીરજલાલ ટોકરશી શાહનું લખેલ મહાવીર વાણી, શ્રીમદ્ યશોવિજયજીએ લખેલ જ્ઞાનસાર તથા સંતબાલજીએ લખેલ ગીતાદર્શનમાંના શ્લોકોનો અભ્યાસ કરશે, અમુક સરસ શ્લોકોનો મુખપાઠ કરશે અને તે શ્લોકોનું રટણ કરશે તો તે વાચક અધિક ગુણવાન સબળ અને ચારિત્રશીલ બનશે.

સ્વાધ્યાયમાં નીચે જણાવેલી બે વસ્તુઓનો સમાવેશ થાય છે. (૧) સ્વાધ્યાય માટે ઉપરના જણાવેલા અથવા બીજા કોઇ સરસ પુસ્તકની પસંદગી. ૨) જીવન દરમ્યાન પ્રતિદિન એ પુસ્તકના અમુક ભાગનો મુખપાઠ.

સ્વાધ્યાય માટે પસંદ કરેલા પુસ્તકમાં પ્રેરણા ભરી હશે તો દરેક વખતે તે વાંચતા નવો અર્થ અને નવું બળ મળશે. સ્વાધ્યાય માટે ઉચિત તે પુસ્તક ગણાય કે જે વાચકની સદાચારની ભાવનાને સંતોષ કરે અને જે ચિરસ્થાયી આદર્શોનું ને ભાવનાઓનું નિરૂપણ કરે.

આ પુસ્તકોનો સ્વાધ્યાય અથવા નિત્યપાઠ ધીમે અને મધુર સ્વરે કરવામાં આવે છે ત્યારે જ તેનો જીવનના ઘડતર પર પ્રભાવ પડે છે. રોજ રોજ એ ગ્રંથનો પાઠ કરતાં કરતાં તેની જીવનદૃષ્ટિ વાચકના રગેરગમાં વણાઇ જાય છે અને તેમાં રહેલા ઉચ્ચ આકાંક્ષા ને ઉદ્દેશ વાચકના મનનો કબજો લે છે. અને આત્મશક્તિના ચઢાણ પર ઉંચે અને ઉંચે જવા તેને હડસેલો મારે છે.

પુસ્તક વાંચવું એ એક વસ્તુ, તેનો અભ્યાસ કરવો એ બીજી વસ્તુ અને જીવનના ઘડતર પર અસર પાડે એવો ઊંડો અભ્યાસ કરવો એ વળી ત્રીજી વસ્તુ છે. સ્વાધ્યાય એ તપનો એક પ્રકાર છે. જગતભરના અમુક માણસો દશવૈકાલિક તત્ત્વાર્થ, જ્ઞાનસાર, ગીતા, રામાયણ, ભાગવત, ધમ્મપદ, બાઇબલ, કુરાન અથવા ગાથાઓના સ્વાધ્યાય મારફત મહત્તાને પામ્યા છે, માટે હમેશાં સવારમાં બની શકે તો સ્વાધ્યાય કરવાની ઘણી જરૂર છે. તેમ કરવાથી આખો દિવસ તમો ઉત્તમ વિચારોમાં પસાર કરશો અને તમોને કુવિચારો હેરાન કરશે નહિ વળી તમો આખો દિવસ આનંદ અને શાંતિમાં પસાર કરશો કે જેની જરૂર આ ધમાલીયા જીવનમાં ઘણી છે.

—('આત્મશિલ્પી' માંથી ફેરફાર સાથે)

---

(અનુસંધાન ટાઇટલ પેજ ૪ થી શરૂ)

ક્ષિપ્ત અવસ્થામાં મન ચંચળ અને અસ્થિર હોય છે; આ અવસ્થામાં મનુષ્યની વિવેકશક્તિ નષ્ટ થાય છે.

વિક્ષિપ્ત અવસ્થામાં મનુષ્ય પોતાના મનને એક ધ્યેય પર રાખવા પ્રયત્ન કરે છે, પરંતુ સંયમ શક્તિના અભાવે તે મનની સ્થિરતા મેળવી શકતો નથી. આ અવસ્થાવાળો મનુષ્ય અશાંત અને દુ:ખી હોય છે.

ઉપરની ત્રણ અવસ્થાઓથી પર એક લય અવસ્થા છે. આ અવસ્થામાં મન વાસનારહિત બને છે. આ અવસ્થા પ્રાપ્ત કરવા માટે ભાવના અને જપની જરૂર છે.

જપ એટલે શું ? અને તેના લાભ.

જપ એટલે કોઇપણ એક મંત્રનું વારંવાર સ્મરણ કરવું તે. મંત્રમાંનો "મં" મનનનો પહેલો અક્ષર છે અને "ત્ર" એ સ્વતંત્રતામાંનો અક્ષર છે. આ બન્ને 'મં' અને 'ત્ર'ના જોડાણથી મંત્ર શબ્દ થયેલ છે. જે સૂત્રના મનનવડે સંસારમાંથી ત્રાણ થાય (તરાય) તેને મંત્ર કહે છે.

"મંત્રનો જપ" મનના મેલો કામ, ક્રોધ, આદિ દૂર કરે છે. જેમ સાબુ લગાડવાથી મેલા કપડાંનો મેલ દૂર થાય છે તેમ મંત્ર-જપવાથી મનના મેલો દૂર થાય છે. જેમ અગ્નિ સોનામાં રહેલો કચરો બાળી નાંખે છે તેમ મંત્રનો જપ મનનો કચરો બાળી નાખે છે.

જપ મનને શાંત અને મજબુત બનાવે છે. જપ મનની બાહ્ય જગતમાં ફેલાતી વૃત્તિઓને અટકાવે છે. જપ વિકારી વિચારો અને દુષ્ટ ઇચ્છાઓને દૂર કરે છે. હંમેશાં અમુક સમય જપ કરવાથી મન શુદ્ધ થાય છે અને મનમાં ઉત્તમ વિચારો ઉત્પન્ન થાય છે. ઉત્તમ વિચારો કરવાથી મનુષ્યનો સ્વભાવ અને ચારિત્ર્ય સુધરે છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

# જપ યોગ

—દીપચંદ જીવણલાલ શાહ

## જપ શા માટે?

દરેક મનુષ્યમાં બે સ્વભાવ હોય છે; એક આસુરી અને બીજો દૈવી માનવ મન આ બે સ્વભાવોના દ્વંદ્વથી ભરેલું છે. આ દ્વંદ્વ માનવ જીવનનો શાપ છે અને તે તેને શાંતિથી બેસવા દેતું નથી. દરેક મનુષ્યનો એવો અનુભવ છે કે તેને આસુરી સ્વભાવ ધક્કો મારીને પાપ (દુષ્ટ કાર્ય) કરવા માટે ઉત્તેજન આપે છે. તે વખતે મનુષ્યનો દૈવી સ્વભાવ કાંઇ કરી શકતો નથી. આ આસુરી સ્વભાવને મૈત્ર્યાદિ ચાર ભાવના અને અનિત્યાદિ બાર ભાવનાની વિચારણા-વડે અમુક અંશે નિર્બળ કરી શકાય છે અને દૈવી સ્વભાવને સબળ બનાવી શકાય છે; ત્યારપછી જપ કરવાથી મન શાંત બને છે.

આત્મા સુસંસ્કારો અને દુષ્ટ સંસ્કારોથી ભરેલો છે. અને ઘણું કરીને ~~દુષ્ટ~~ સંસ્કારો આત્માને ગુલામ બનાવે છે. દાખલા તરીકે એક મનુષ્યને ઇન્કમટેક્ષ (આવક વેરો) ભરવાનો હોય છે, સુસંસ્કારો તેને ટેક્ષ પુરે પુરો ભરવાનું કહે છે તેજ વખતે કુસંસ્કારો તેને ટેક્ષ ઓછો ભરવાની ભંભેરણી કરે છે. છેવટે મનુષ્ય કુસંસ્કારોનો ગુલામ થઇને ખોટું નામુ લખી ટેક્ષ ઓછો ભરે છે. ટેક્ષ ઓછો ભરવાને લીધે મનુષ્યના અંતઃકરણમાં શરૂઆતમાં એક જાતનો ડંખ રહે છે કે જે તેને આખું વર્ષ પજવે છે. આ રીતે હંમેશાં સુસંસ્કારો અને કુસંસ્કારો વચ્ચે ઘર્ષણ થાય છે. આ ઘર્ષણ દૂર કરવા માટે દરેક દિવસે અમુક સમય સુધી અનિત્યાદિ બાર ભાવના અને મૈત્ર્યાદિ ચાર ભાવનાની વિચારણાની જરૂર છે અને પછી અમુક સમય સુધી જપ કરવાથી મન શાંત થાય છે એટલે કે મનનું ઘર્ષણ ઓછું થાય છે.

અનાદિકાળથી અશુભ અભ્યાસથી મનુષ્યના ચિત્તની વૃત્તિઓ પાણીના પ્રવાહની જેમ અધોગમનમાં ટેવાયેલી છે અને નીચે વહેતું પાણી સમુદ્રમાં ભળી જઈ ખારૂં બને છે અને તે પાણી પોતાની મીઠાશ ગુમાવે છે; પણ આ વહેતા પાણીને જો સાધન દ્વારા યોગ્ય ભૂમિમાં વાળવામાં આવે તો તે વહેતા પાણીથી અન્ન, ફળો વગેરે ઉત્પન્ન થાય છે; તેવી રીતે ભાવનાની વિચારણા દ્વારા અધોગમન જતી ચિત્તવૃત્તિઓનું ઉર્ધ્વીકરણ ( Sublimation ) કરવામાં આવે અને પછી અમુક સમય સુધી જપ કરવામાં આવે તો મન શુદ્ધ થાય છે.

આપણા મનમાં કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, રાગ, દ્વેષ આદિ મલિન વાસનાઓ ભરેલી છે તેથી મન દુર્ગંધથી ભરેલું છે. તે મલિન વાસનાઓની દુર્ગંધ કાઢી નાખવા માટે ભાવનાની અને જપની જરૂર છે. તેથી મન પવિત્ર બને છે કારણકે જપ એક પ્રકારનું અભ્યંતર તપ છે.

मन एव मनुष्याणां कारणं बन्ध मोक्षयो: ॥

મન અત્યંત ચંચળ છે. માનવના અંતઃકરણમાં જેટલી સંકલ્પ વિકલ્પાત્મક વૃત્તિઓ ઉત્પન્ન થાય છે એ બધી વૃત્તિઓનો સરવાળો એટલે મન. ચંચળ મનની ત્રણ અવસ્થાઓ છે. (૧) મૂઢ, (૨) ક્ષિપ્ત, (૩) વિક્ષિપ્ત.

જ્યારે મન કોઈ એક વિષય પર તન્મય થાય છે ત્યારે મનુષ્ય પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ ગુમાવે છે; આ મનની અવસ્થાને મૂઢ અવસ્થા કહે છે. લાખો અજ્ઞાની અને વિવેકહીન મનુષ્યો મૂઢાવસ્થામાં પોતાનું જીવન પસાર કરે છે.

(અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપર)

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only